# ‘નિયાંપો’

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

**વર્ષ : ૧૯    અંક : ૨૩૨**



ઉપપ્રમુખ
**દિર્ગેશ હીરજી નિસર**
મો. ૯૩૯૩૩ ૭૯૭૯૭

માનદ્ મંત્રી
**પંકજ હીરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદિકા
**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક
**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩
email : hydkmm@gmail.com
Web : www.kutchibhavanhyd.org



મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-


“નિયાંપો” માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## ઉપ-પ્રમુખશ્રીનો સંદેશ

**દિર્ગેશ હીરજી નિસર**

જય જીનેન્દ્ર

*“આપનું જીવન દર્શન અખૂટ પ્રેરણા સ્તોત્ર બની રહેલું છે તો*
*આપનું વ્યક્તિત્વ અમારા માટે કલ્પવૃક્ષ બની રહ્યું.*
*સામાજિક ક્ષેત્રે કર્મો એવા કર્યાં કે સહુના હૃદયમાં ગુંજ્યા કરે.*
*વિષમ પરિસ્થિતમાં કદી ઝૂક્યા નહીં વહેવાર કદી ચૂક્યા નહીં*
*અને ધર્મ કદી ભૂલ્યા નહીં...”*

એવા આપણાં લાડીલા પ્રમુખ **શ્રી મણીકાંતભાઈ મેઘજી મોમાયાના** નિધનથી સમાજમાં જે શૂન્યાવકાશ સર્જાયો છે તે પૂરી શકાય તેમ નથી.

હું શ્રી કચ્છી મિત્ર મંડળના ટ્રસ્ટીગણ, કારોબારી કમિટિ અને સમગ્ર સમાજ તરફથી તેમને અશ્રુભરી શ્રદ્ધાંજલી અર્પણ કરું છું. પ્રભુ તેમના આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના.

તેમણે આદરેલા દરેક કાર્યને પરિપૂર્ણ કરવા આપણે સહુ કટિબદ્ધ છીએ. ઈશ્વર તેમના પરિવારજનોને આ દુઃખભરી ક્ષણોંમાં હિંમત આપે, સમગ્ર સમાજ તેમના દુઃખમાં સહભાગી છે.

સમાજની દરેક પ્રવૃત્તિઓ સાહજિક રીતે ચાલી રહેલ છે. શિક્ષણ સમિતિનો "Awards Night" નો કાર્યક્રમ ખૂબજ સફળ રહ્યો. માવજત સમિતિનો Medical Testing નો કાર્યક્રમ પણ ખૂબજ સારી રીતે ચાલી રહ્યો છે, બીજી દરેક કમિટિઓના કાર્યસૂચન તેમના અહેવાલમાં આપેલ છે.

# *Donate Eyes - Live Twice*

હવે આપ વેબ સાઈટ ઉપર “નિયાંપો” વાંચી શકો છો
**www.kutchibhavanhyd.org**
**http://www.asanjokutch.com**

# શ્રદ્ધા સુમનના ફુલ



# શ્રી મણીકાંત મેઘજી મોમાયા

**જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત,**
**સમજાવ્યું તે પર નમું શ્રી સદ્ ગુરૂ ભગવંત.**

**દેવલોકમાં ડંકો વાગ્યો, મોક્ષના કીધા મેલાણ,**
**મણીકાંતભાઈએ જગમાં જંગ જીતીઓ.**

હૈદ્રાબાદમાં બહુજ સારી સુવાસ ફેલાવી ગયા એમનો આત્મા જ્યાં પણ હોય સારી ગતીમાં હોય તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

લી. **શ્રીમતી મણીબેન રતનશી ગોગરી**
**સરલા પ્રફુલ ગોગરી**
તથા સમસ્ત પરિવાર
ગામ નાંગલપુર, મોબાઈલ : ૯૮૮૫૧ ૭૭૦૦૦

(જા.ખ.)

## માનદમંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા

## શ્રધ્ધાંજલિ

**"જીવનના ઉદ્યાનમાં કર્યા સંસ્કારોને ઉજાગર**
**સમાજના પ્રત્યેક પરિવાર માટે હતા સદા સ્નેહસાગર**
**બન્યા સહુના મદદગાર, જીવન ધન્ય કર્યા, કરીને સત્કાર્યો પારાવાર.**
**દેહ ને નષ્ટ કર્યા કાળે, પણ અમરતમ વ્યક્તિત્વ યાદગાર**
**તમ જીવન પુષ્પની મહેક રહેશે સદાબહાર".**

શ્રી કચ્છી મિત્ર મંડળના પ્રમુખ અને કચ્છી સમાજના સિંહ પુરૂષ એવા **શ્રી મણીકાન્ત મેઘજી મોમાયા** આજે આપણી વચ્ચે નથી, જીવન મરણ વચ્ચેની લડાઈમાં, શાયદ ભગવાનનો પલડો આપણી દુઆ અને પ્રાર્થનાથી વધારે ભારી હશે, કેમકે, સારા, ભલા અને પરોપકારી વ્યક્તિઓની જરૂરીયાત આપણા કરતા ભગવાનને વધૂ હશે.

લગભગ ૩૫ વર્ષથી સમાજ સેવાના કાર્યમાં જોડાયેલ હતા, સામાજીક અને ધાર્મીક સંસ્થાઓના દરેક કાર્ય માટે આધાર સ્થંભ જેવા હતા. છેલ્લા દોઢ વર્ષના એમના પ્રમુખ પદે ઘણા યુવા કાર્યકરો કારોબારી સમિતિમાં જોડાયા અને સમાજ સેવાના કાર્યોમાં આગળ આવ્યા.

દરેક યુવા કાર્યકર માટે એક પ્રેરણા મુર્તિ સમાન એમનુ વ્યક્તિત્વ હતું, દરેક જણ સાથેનો એમનો મીલનસાર સ્વભાવ, ઉત્સાહપૂર્વકથી દરેક કાર્ય કરવાની એમની પધ્ધતી આજના સમયમાં હરએક જણ માટે ઉદાહરણ સમાન હતી.

એમનુ સ્વપ્ન હતું એક અતિ સુન્દર અને આધૂનિક સમાજનું નિર્માણ કરવું જેમાં દરેક મેમ્બરને સૂવિધા પૂરૂ પાડતું વિશાળ ફંકશન હોલ, રેસીડેન્શીયલ સ્કુલ, દરેક જણની મેડિકલ સહાય માટે જરૂરી મેડીકલ સાધનો ઉભા કરવા. એમના વિચારો મુજબ એવા એક સમાજનું ઘડતર થવું જોઈએ જેમાં આપણા મેમ્બરોને ક્યાંય બહાર મદદ માટે જવાની જરૂરીયાત ઉભી ન થાય. એમના વિચારો એમની કાર્ય કરવાની પધ્ધતિ સાથે કમીટીના દરેક સભ્યો ઉત્સાહપૂર્વક સહકાર સાથે કાર્ય કરવાની ધગશ રાખતા. આગળ પણ એજ ધગશ સાથે પૂરી કમીટી કાર્ય કરી એમણે જોયેલા સ્વપ્નોને સાકાર કરી ખરી શ્રધ્ધાંજલી અર્પિત કરશે એવી મનોકામના.

શ્રી મણીકાન્તભાઈના દુઃખદ અવસાનથી એમના પરિવારજનો ઉપર આવી પડેલી આ વિકટ ઘડીમાં મિત્ર મંડળ પરિવારના દરેક મેમ્બર સહભાગી છે, અને પ્રાર્થના કરીએ છીએ, પ્રભુ એમના આત્માને શાન્તિ આપે અને પરિવારજનોને આવી પડેલ દુઃખમાં લડવાની શક્તિ આપે. **"છોડી સ્વજનોને જઈ વસ્યા સ્મૃતિરૂપે અશ્રુઓમાં, ખોટ સાલસે આપની સદાય અમને આ લોકમાં".**

## આવાસ ગૃહ સમિતિ

સંચાલક : **લહેરચંદ ટોકરશી લોડાયા**
**૯૨૪૬૫ ૩૧૦૬૬**

ચૈતન્યપુરી સ્થિત આવાસ ગૃહમાં એક ફ્લેટ ખાલી થયેલ છે. એ માટે ઓછી આવક ધરાવનાર કચ્છી મિત્ર મંડળના સભ્ય પરિવારને ફ્લેટની જરૂર હોય તો તેઓએ કચ્છીભવનની ઓફિસમાં અરજી આપવા વિનંતી.

# હાર્દિક શ્રદ્ધાંજલિ



## શેઠશ્રી મણીકાંતભાઇ મેઘજી મોમાયા

દ્રષ્ટિમાં હજુએ રમે છે તમારો હસતો ચહેરો,
અંતરમાં હજુયે પડઘાય છે તમારી સ્મૃત્તિના ધબકારા,
અસ્તિત્વનું રોમેરોમ હજુય અનુભવે છે,
આપની હયાતિનો, હુંફનો, હુંફાળો સ્પર્શ,
રહેવાને સદાય દુનિયામાં તો કોઇ આવતું નથી,
આપ આપનો ભવ સુધારી ગયા

: આપને હર હંમેશ યાદ કરનાર :

## નિર્મલાબેન શાંતિલાલ દામજી ગડા

કચ્છ ડુમરા, (શ્રી શાંતિનાથ જીનેશ્વરધામ, કાચીગુડા, હૈદ્રાબાદ)



# માનદમંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા

આ માસ દરમ્યાન શિક્ષણ સમિતિ આયોજીત વિદ્યાર્થી બહુમાનનો કાર્યક્રમ તા. ૨૮-૯-૨૦૧૪ના દિવસે આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમમાં આપણા આમંત્રણને માન આપી મુંબઈ કચ્છી વિશા ઓસવાલ સેવા સમાજના **પ્રમુખ શ્રીમતિ ડૉ. ઈલાબેન દેઢીયા** અતિથી તરીકે પધાર્યા હતા. અને એમનું વકતવ્ય સૌના માટે પ્રેરણા રૂપ હતું. સમાજ વતિ એમનો ખુબ ખુબ આભાર.

કાર્યક્રમનું સુંદર સંચાલન આપણા સમાજના બાળકોએ ખુબ જ ઉત્સાહ પૂર્વક કરેલ. વિદ્યાર્થી બહુમાનના દરેક દાતા પરિવારોનો હૃદય પૂર્વક આભાર. કાર્યક્રમ દરમ્યાન અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ. સફળ કાર્યક્રમનું સંચાલન કરવા બદલ શિક્ષણ સમિતિના સંચાલક શ્રી વિપૂલ હરીલાલ નીસરને અભીનંદન તેમજ દરેક મેડલ વીનર વિદ્યાર્થીઓને પણ હૃદયપૂર્વક અભીનંદન.

શાન્તિ પ્રાયમરી સ્કુલના સંચાલક શ્રી નવીન વિસનજી હરીયાની તબીયત નાદુરસ્ત હોવાથી એમની સાથે સ્કુલ સંચાલનનું કાર્ય શ્રી મનીષ મગનલાલ સાવલાને સોંપવામાં આવેલ છે.

માવજત સમિતિ આયોજીત મેડીકલ ચેક અપ કેમ્પ શરૂ થઈ ગયેલ છે. લગભગ ૧૦૦ મેમ્બરોએ પોતાના નામ રજીસ્ટર કરાવેલ છે, આ કાર્ય માટે સંચાલક શ્રી કિર્તીભાઈ અને એમની ટીમને અભિનંદન.

આ માસ દરમ્યાન મનોરંજન સમિતિ, શાન્તિવન સમિતિ અને માનવમિત્ર સમિતિ આયોજીત કાર્યક્રમો પોસ્ટપોન કરવામાં આવેલ છે. શરદ પૂર્ણિમાં કાર્યક્રમ મુલત્વી રાખેલ છે. કાર્યક્રમોની નવી વિગતો ટુંક સમયમાં આપવામાં આવશે.



# સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**

સહ સંપાદક : **રમેશ મણીલાલ શાહ**

જાજરમાન વ્યક્તિત્વ ધરાવતા આપણા કાર્યરત પ્રમુખ **શ્રી મણીકાંતભાઈ મેઘજી મોમાયા**નું દુઃખદ નિધન થયેલ છે. જેવું તેમનું વ્યક્તિત્વ હતું એવુંજ તેમનું વિશાળ દિલ હતું. લક્ષ્મીજીની કૃપા હતી તે સાથે તેમના ભાવ પણ એવાજ ઉંચા હતા અને તે સારા માર્ગે વાપરવા માટે તત્પર રહેલા. ખાસ નોંધ પાત્ર તેમની કાર્યશૈલી હતી. આપણે અનુભવ્યું છે કે તેઓ ત્વરીત નિર્ણય લેતા અને ઝડપથી તે અમલમાં મુકાય તેવું ઈચ્છતા. આપણા કચ્છી મિત્ર મંડળને તન મન ધનથી સક્ષમ બનાવવા આપેલ તેઓનો સિંહ ફાળો, મંડળના ઈતિહાસમાં સોનેરી અક્ષરે કંડારાઈ જશે એમાં કોઈ શંકા નથી. કોઈ કેટલું જીવ્યા તે એટલું મહત્વનું નથી, પણ કોઈ કેવું જીવ્યા તે મહત્વનું છે. આવા આંપણા શ્રી મણીકાંતભાઈ મોમાયોનો આત્મા જ્યાં ક્યાં પણ હશે તેમને ઈશ્વર શાંતિ અર્પે એજ આપણા સહુની પ્રાર્થના. અસ્તુ.

# શ્રદ્ધાંજલિ



# શ્રી મણીકાંત મેઘજી મોમાયા

પ્રમુખ - શ્રી કચ્છી મિત્ર મંડળ, હૈદ્રાબાદ

## શ્રી કચ્છી ગુર્જર જૈન પરિવાર

**મ્યુચ્યુઅલી ઍડેડ કો-ઓપ ક્રેડીટ સોસાયટી લી., હૈદ્રાબાદ**

### બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ

ચેરમેન : પ્રદિપ કેશવલાલ સંઘવી, વાઈસ ચેરમેન : કિરણ હિરાલાલ શાહ,
મે. ડાયરેક્ટર : નલિન મહેન્દ્ર શાહ, ડાયરેક્ટર ફાઈનાન્સ : શાંતિલાલ મણીલાલ વોરા

### ડાયરેક્ટર્સ :

સમિર રમેશ વોરા, શ્રેયસ કિરણ શાહ, ભુપેશ ચંદુલાલ સંઘવી,
પરાગ બેચરલાલ શેઠ, પ્રતિક સુરેશ પારેખ, મેહુલ હિરાલાલ સાતુંડા,
અશ્વિન પ્રભુલાલ શાહ, કલ્પેશ રમેશ મહેતા.

(જા.ખ.)

## માવજત સમિતિ

સંચાલકઃ **કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯**
સહસંચાલકઃ **અમૃતલાલ દામજી વોરા ૯૪૪૧૦ ૭૭૨૮૧**

★ **1) Comprehensive Health Checkup Camp :** આપને મોકલાવેલ એસએમએસ મુજબ તા. ૨-૧૦-૨૦૧૪ ગાંધી જયંતિના દ્વિવસથી આ કેમ્પ શરૂ થઈ ગયેલ છે. હવે તા. ૨૮-૧૦-૨૦૧૪ થી જે ચેકીંગ થશે તેના Registration તા. ૨૦-૧૦-૨૦૧૪ થી ચાલુ થશે. જે ટેસ્ટ કરવામાં આવે છે. તેની વિગતવાર માહિતી કચ્છી ભવનમાંથી મળશે. કચ્છી મિત્ર મંડળના સભ્યો તથા એમના પરિવારજનો આનો લાભ લઈ શકે છે.

★ **2) General Health Checkup Camp :** બીજો કેમ્પ આંખ તથા હાડકા માટેનો તા. ૨૩-૧૧-૨૦૧૪ના રાખવાનું વિચારણા હેઠળ છે. જેની જાણ કરવામાં આવશે.

★ **3)** આપણા માજી પ્રમુખ શ્રી મણીકાંતભાઈની પ્રબળ ઈચ્છા હતી કે Health Awarness માટે આપણા ભવનમાં Physiotherapy ક્લાસ ચાલુ કરવા જે વિચારણા હેઠળ છે. આપના વિચારો પત્ર દ્વારા લેખીતમાં કચ્છી ભવનમાં મોકલવા વિનંતી.

## SHANTI PRIMARY SCHOOL

Sanchalak : **NAVIN HARIA**
**MANISH MAGANLAL SAVLA**

Wishing you all a meaningful festival days.

We have just completed the first term of this academic year with fair mix of different activities.

Raksha Bhandhan was celebrated on 11th August.

68th Independence Day was celebrated with full enthusiasm zeal and patriotic fervour at Kutchi Bhawan on 15th August. Enthusiastic participation of the students was seen in Fancy Dress competition conducted on 18th August for Nursery, LKG and UKG class students on the occasion of Krishnastami. Ganesh Chaturthi was celebrated on 3rd September. The senior students displayed their leadership qualities and organisation skills in the celebration of 'Teachers Day' on 5th September. The overwhelming love and affection shown by the students for their teachers was cherishing and very satisfying. on behalf of the management, Mr. Pankajbhai generously gave gifts to all the teachers making the event special. Students are now busy with their fast apporaching 1st term exam commercing from 10th September onwards.

Looking forward to a rewarding and satisfying second term.



**વિરલ વિભૂતી, ધર્મપ્રેમી, સિંહ પુરૂષ**

**આદરણીય શ્રી મણીકાંતભાઇ મેઘજી મોમાયા**

**ને નતમસ્તકે ભાવભરી શ્રદ્ધાંજલિ....**

**ઠાકરશી ઘેલાભાઇ મૈશેરી, કચ્છ બાંઢીયા,**

**શ્રી શાંતિનાથ જીનેશ્વરધામ, કાચીગુડા હૈદરાબાદ**

# શ્રદ્ધા સુમન



## શ્રી મણીકાન્તભાઈ મેઘજી મોમાયા

ભુલના આપકો ચાહે તો કભી ભુલા નહી પાતે
આપકે હી આદર્શોસે હમ હિમંત નહી જુટા પાતે
આપકે ઉચ્ચ વિચારોંકો હમ ભુલા નહીં પાતે
આપકો ખોનેકા ગમ દિલોંસે મીટા નહીં પાતે
ફૂલ ગયું ફોરમ રહી,
ધૂપસળી બળી સુવાસ પસરી ગઈ

## શ્રી ગુણ ગુલાબ મંડળ

(જા.ખ.)

# શ્રધ્ધાંજલી



પ્રમુખ શ્રી કચ્છી મિત્ર મંડળ, હૈદ્રાબાદ

''છોડી અમોને જઈ વસ્યા
સ્મૃતિરૂપે અશ્રુઓમાં ખોટ સાલશે
આપની સદાય અમને લોકમાં''

## શ્રી મણીકાંત મેઘજી મોમાયા

## શ્રી શાંતિગુણ મહિલા મંડળ

જીનેશ્વરધામ (હૈદ્રાબાદ – સીટી)

(જા.ખ.)

# મહિલા સમિતિ

સંચાલિકા : **ખુશાલી જયેશ નાગડા, ૯૨૪૬૫ ૨૨૪૭૬**
સહ સંચાલિકા : **હીના હીતેન નાગડા**

દશેરામાં અંબેમાંની ભક્તિ, દિવાળીમાં લક્ષ્મી અને સરસ્વતીની આરાધના અને હવે બધી સ્ત્રીયોનાં મનમાં વસતી મનોરંજનની દેવીને યાદ કરી, થોડું હસવા, અને ગપ્પા મારવા મળશું. તા. ૮ નવમ્બર ને શનિવારના સાંજના ૩.૩૦ કલાકે આપણા, શ્રી કચ્છી ભવનમાં.

## SHRI KUTCHI MITRA MANDAL MAHILA SAMITI

# Desi / Videshi

## *Fashion Show Contest*

આ પ્રતિયોગીતામાં ભાગ લેવા માટેની કેટેગરીસ નીચે મજબ છે.



***Above 40 Yrs. - Mrs. Inspirational***

*Round 1 - Variety Saree Drapping*
*2 - Indo Western*

***Below 40 Yrs. - Mrs. Enthusiastic***

*Round 1 - Brides of India*
*2 - Western*

***15 Yrs. and above - Miss Gorgeous***

*Round 1 - Chaniya Choli*
*2 - Frocks*

***8 to 14Yrs. Girls - Miss Cutie Pie only one***

*Round 1 - Shorts or Skirts*

નામ લખાવવાની છેલ્લી તારીખ - ૨૦ ઓક્ટોબર ૨૦૧૪ વહેલા તે પહેલાના ધોરણે નામ લેવામાં આવશે અને દિવાળી પછી ગ્રુમીંગ સેશન રાખવામાં આવશે. બધી કેટેગરીસમાં પ્રથમ ઈનામ તથા ***1st Runner Up, 2nd Runner Up & Best Smiling Beauty, Best 1 Conic Eyes & Best Catwalk*** ઈનામો પણ આપવામાં આવશે તો સખીઓ **FASHION SHOW CONTEST** ની તૈયારી શરૂ કરો. અમે તો કરી છે પણ તમે ક્યારે કરશો!!!

નામ લખાવવાં સંપર્ક કરો

**Jayshree Gala - 99890 78986 ❖ Darshana Savla - 90327 67111**

# શ્રદ્ધાંજલિ



## શ્રી મણીકાંતભાઇ મેઘજી મોમાયા

વર્ષો વીતશે, યુગે વીતશે, સ્મૃતિ આપની અમર રહેશે
સત્કાર્યો ના શિલાલેખને, કાળ પણ નહીં સ્પર્શસે
ગુમાવ્યા ભલે અમે સ્પંદનો, શિરછત્ર અને ધબકાર
રહેશે સદા અમ હૃદયમાં, આપે સિંચેલા સત્કાર્યો
પરમાત્માને કરીએ અમે બે હાથ જોડી પ્રાર્થના
આપનો દિવ્ય આત્મા, પામે પરમ પદ એજ અર્ચના...

**દિનેશ ગોસર**

રતનબેન કલ્યાણજી કારૂભાઇ ગોસર પરિવાર, કચ્છ-વિઢ



# SIKSHAN SAMITI

Sanchalak : **VIPUL HARILAL NISAR**
Cell No : 9848129772

The KMM Shikshan Samiti annual education awards function for the meritorious students was celebrated with fanfare on 28.9.14.All the 66 silver and gold medal awardees were felicitated in presence of the Chief Guest of the evening **Dr.Elaben Manoj Dedhia-President KVOSS Mumbai**,Managing Trustee Shri Dhanjibhai Savla,Vice President Shri Dirgeshbhai Nisar,Secretary Shri Pankajbhai Hirji Savla , Treasurer Shri Kirtibhai Kapadia.,members of the Kutchi Mitra Mandal Trust Board and Working Committee ,Donor Pariwars and family members of the award winners.

In his welcome address, the Shikshan Samiti Sanchalak Shri Vipul Harilal Nisar stressed upon the need for students to TRY HARD .i.e to try at anything which interests them, whether it is Academics,Sports, Arts or Music. This will help to drive away the FEAR of Failure. He said that KMM was always ready to support the students through its schemes of Shikshan Sahayata and other activities.

The chief guest, Smt Elaben Dedhia , in her informative and impressive address said that including HOLISTIC and ETHICAL achievements of the students along with their academic result to grade their overall performance was a must. This practice is followed world wide and helps the aspirants for securing good placements in reputed Companies. She was of the view that even after marriage , girl students should be given equal opportunities to pursue their dream of continuing higher education. The most important observation made by her was to make use of technology in daily life to gain knowledge. To move forward in this direction, steps were being taken to Digitize the popular monthly PAGDANDI and to make it available online .She emphasized the need for elder generation to start learning computers and make themselves familiar with the Cyber World. This would help to bridge the generation gap. The audience acknowledged her talk with a huge round of applause. The donor families were honored for their magnanimous contribution. The students were presented with the medals and certificates.

The whole program was possible due to untiring efforts of **Shri Tarachandbhai Dharod** for sparing his time to prepare the young students to anchor the show,Shri Dirgeshbhai Nisar& ShriPankajbhai Hirji Savla for their valauable inputs.

On behalf of Shikshan Samiti I thank the following persons for their contribution for the grand success of the function.

1. Uday Devchand Karani & Pooja Amit Gogri-For anchoring Silver Medals presntation.
2. Chirag Chheda- For anchoring the Gold Medals presentation.
3. Ridhhi Jayesh Mamania , Harsidhi Nitin Gala,Happin Mahesh Dharod, Akhshi&Aadit Bhavesh Gala for back stage management.
4. Ankit Nitin Vora for Audio Video Presentation
5. Shri Raj Jewellers for Silver & Gold Medals.
6. Chandra Prabha graphics for Certificates & Banner.
7. Aakaar Stage Decorators-Smt Bharati Nagda
8. Sunny Sound Systems.
9. Mohatta Studio –Photography
10. Tara Caterers –Alpahar
11. The staff of Shri Kutchi Mitra Mandal.

# સહૃદયે શ્રદ્ધા સુમન



કે.ડી.ઓ. જ્ઞાતિ રત્ન

## શ્રી મણીકાંતભાઇ મેઘજી મોમાયા



જીવન ની દરેક પળોમાં હસતા રહ્યા તમો, સ્નેહ થી સર્વેના હૈયે વસતા રહ્યા તમો
જીવન જિંદાદિલી થી જીવ્યા, સમગ્ર જ્ઞાતિ ના હૃદય માં વસતા રહ્યા તમો
સૌને આનંદિત કરનારા, બધાને રડાવી ગયા તમો
આપના જીવન ના મૂલ્યો નું જતન કરી આપે કંડારેલી કેડી પર ચાલવા અને
આપના અધુરા કાર્યો પૂર્ણ કરવા ઇશ્વર અમને પરમ શક્તિ આપે..
સમગ્ર કે.ડી.ઓ. જ્ઞાતિને ઉજાગર કરનારા
અમારા જ્ઞાતિ રત્ન ને પરમ પદ ની પ્રાપ્તિ હોજો
એજ પ્રભુ ને પ્રાર્થના સહ નત્ મસ્તકે વંદના...

## રિદ્ધીશ રમેશ જાગીરદાર

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન યુથ ફોરમ, હૈદરાબાદ (જા.ખ.)

# LIST OF DONORS

**GOLD MEDALS**

| | | |
|---|---|---|
| 1.Class X | Smt. Kasturben Keshavji Rambhiya Parivar | Gundala |
| 2. Class X | Kum .Vidhi Hemang Momaya Parivar (Shri Kutchhi Mitra Mandal Spl-2014) | Varadia |
| 3. Inter Science | Smt. Damji Jivraj Nagada Parivar | Moti Varandi |
| 4. Inter Commerce | Smt. Laxmiben Mavji Gala | Lakhapur |
| 5. Degree Science | Smt. Maniben Ratansi Gogri Parivar | Nangalpur |
| 6. Degree Commerce | Smt. Mulbai Bhanji Kheraj Parivar | Vadala |
| 7. P.G Science | Shri. Hemant Keshavlal Singhvi Parivar | Mundra |
| 8. P.G Commerce | Shri. Ankit Mukesh Dharod Parivar | Patri |

**SILVER MEDALS**

| | | |
|---|---|---|
| M/s. D.N. S.Jewellers | Smt.Ritaben Mukesh Amritlal Shah-Parivar) | Bhuj |

## LIST OF GOLD MEDAL WINNERS 2014

| | | | |
|---|---|---|---|
| 1. BHARGAVI PRITI JAYESH VIRA | LAKHAPAR | 10.0CGPA | CBSE-X |
| 2. EESHA SHEELA RAJESH CHAWHAN | KUMBHARIA | 10.0CGPA | CBSE-X |
| 3. GAURAV PREETI NALIN SHAH | BHUJ | 94.7% | CBSE-12 |
| 4. PRIYANKA PREETI TUSHAR SAVLA | SAMAGOGHA | 96.3% | INTER SCIENCE |
| 5. VANSH PUSHPA HASHMUKH GALA | DUMRA | 86% | B.COM.(COMPUTERS) |
| 6. NISHIT ANILA KETAN MALDE | LUNI | 98% | B.E(HONS)ENGG |
| 7. MIHIR KETKI ATUL GALA | GODHRA | 50.38CGPA | C.A. |
| 8. PRITI JIGAR BORICHA | HAMIRPUR RAPAR | 75.81% | M.TECH |

## LIST OF SILVER MEDAL WINNERS 2014

**XTH STANDARD**

| | | | |
|---|---|---|---|
| 3. Disha Poornima Paresh Seth | Nakhatrana | 9.8 | CBSE-X |
| 4. Aiswarya Aarti Kulin Vikamshi | Lala - Abhadasa | 9.5 | SSC |
| 5. Hetal Neepa Vimal Boricha | Hamirpur | 9.5 | ISCE-X |
| 6. Aman Usha Chetan Gala | Kappaya | 9.3 | SSC |
| 7. Rakshit Lata Ajeet Gala | Desalpur Kanthi | 9.3 | SSC |
| 8. Trushali Chhaya Sanjay Lalka | Varapadar | 9.3 | SSC |
| 9. Dishank Deepa Chetan Gala | Bharapur | 9.2 | SSC |
| 10. Mayank Rekha Kirti Gangar | Merau | 9.2 | SSC |
| 11. Mohit Pragna Hitesh Kenia | Mundhra | 9.2 | CBSE-X |
| 12. Sneha Preethi Paresh Gala | Neredi | 87% | ICSE-X |
| 13. Bhavya Ila Mukesh Gosar | Manjal Reladiya | 85% | ICSE-X |
| 14. Mehal Nisha Hemant Sanghvi | Mundra | 8.8 | SSC |
| 15. Tanmay Pallavi Vilesh Gala | Moti Khakar | 8.7 | SSC |
| 16. Yash Shefali Ravindra Kapadia | Patri | 8.7 | SSC |
| 17. Pranith Neelam Mukesh Thakker | Navi Dhufi | 8.5 | SSC |
| 18. Nidhi Raksha Tushar Taunk | Kukma | 8.4 | CBSE-X |
| 19. Nirali Lata Dhiran Dharod | Patri | 77.83 | ICSE-X |
| 20. Gouraavi Deepa Paresh Chheda | Vaki | 8.0 | CBSE-X |
| 21. Kushali Mayuri Pankaj Parekh | Ambedi | 8.0 | SSC |

# શ્રદ્ધાંજલિ



## શ્રી મણીકાંત મેઘજી મોમાયા

****************************************

આપના તરફથી મળેલ સાથ સહકાર
તથા દરેક સમસ્યાઓના ઉકેલ માટે
મંડળ હમેશા આપનો ઋણી રહેશે.

****************************************

## શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ

જીનેશ્વરધામ, કાચીગુડા, હૈદ્રાબાદ

(જા.ખ.)

**12th/Inter Commerce**

| | | | |
|---|---|---|---|
| 2. Harsh Trupti Naresh Gala | Samkhiari ( Vagad ) | 93.0 | CBSE-12 |
| 3. Priyal Nisha Hemant Sanghvi | Mundra | 92.6 | Inter |
| 4. Riddhi Jasmine Darshan Shah | Anjar | 90.667 | CBSE-12 |
| 5. Uday Vijaya Devchand Karani | Bada | 89.9 | Inter |
| 6. Khushbu Anita Kishor Soni | Bamdai ( Bambhadai ) | 89.5 | Inter |
| 7. Veeral Ragini Rajendra Vora | Patri | 86.80 | Inter |
| 8. Jinesh Rupa Ajay Dharod | Patri | 85.6 | Inter |
| 9. Mehul Latha Anil Nagda | Mothi Sindhodi | 83.6 | Inter |
| 10. Pankti Rekha Piyush Gada | Lathedi | 82.2 | ISCE-12 |
| 11. Hiten Harsha Vilas Gala | Sebhrai | 81.0 | CBSE-12 |

**I2th/Inter Science**

| | | | |
|---|---|---|---|
| 2. Varun Vaishali Kamlesh | Mota Asambiya | 94 | Inter Science |
| 3. Veeral Meena Mahendra Channarana | Bhuj | 76.8 | Inter Science |

**Graduation Commerce**

| | | | |
|---|---|---|---|
| 2. Sheetal Kalpana Heeralal | Dumra | 83.59 | B.Com.(Computers) |
| 3. Dhiren Harsha Vilas Gala | Sabhra | 81.36 | B.Com |
| 4. Mansi Bindu Navinchandra | Bhojay | 80.78 | B.Com |
| 5. Aditi Heena Dharmesh Mota | Vararadhar | 80.28 | B.Com |
| 6. Poojan Neeta Paresh Saiya | Beraja | 78.43 | B.Com |
| 7. Disha Madhavi Shreyas Shah | Mundra | 78.42% | B.Com |
| 8. Roshni Hansa Praveen Lodaya | Naliya | 77.92% | B.Com |
| 9. Vrushika Dinesh Dand | | 76.64% | B.Com (Computers) |
| 10. Jinal Asha Mahesh Shah | Patri | 75.00% | B.Com ( Finance) |
| 11. Saurabh Vasanti Nitin Haria | Sherdi | 74.10% | B.Com(Hons) |
| 12. Vaibhav Darpana Harshad Mehta | Mundra | 69.85% | B.Com |

**Graduation Science**

| | | | |
|---|---|---|---|
| 2. Archit Rashmi Kiran Satra | Gundala | 83.33 | B.Tech -ECE |
| 3. Kaivan Meena Tarun Gala | Chiasar | 81.71 | B.Tech |
| 4. Ashruti Kajal Vipul Nisar | Vadala | 81.00% | B.Desn(Fashion Design) |
| 5. Ankur Bharti Jaysukhlal Kathrani | Bhachau | 77.90 | B.Tech |
| 6. Akshita Kalpana Rajesh Gada | Bhojay | 73.98 | B.Tech |
| 7. Dhwani Geeta Ramesh Gala | Desalpur(Kanthi) | 72.82 | B.Tech (CSE) |
| 8. Kunal Darpana Harshad Mehta | Mundra | 72.81 | B.Tech |
| 9. Bhavin Beena Nitin Gala | Chiasar | 70.7 | B.Tech(Com. Science) |
| 10. Ronak Poornima Paresh Seth | Nakhatrana | 70.00% | B.Tech(EEE) |

**Post Graduation in Commerce**

| | | | |
|---|---|---|---|
| 2. Khushboo Sushma Mahesh Shah | Mundra | 82.75 | M.B.A |
| 3. Hardik Rashmi Jiten Bheda | Samagoga | 74.21 | M.B.A |
| 4. Vartika Divya Harish Mota | Kuvapadar | 71.00 | M.B.A. |
| 5. Khusboo Pushpa Hashmukh | Dumra | 65.79 | M.B.A |
| 6. Ritesh Vibha Deepak Nagada | Dumra | 59.33 | L.L.B |
| 7. Jayshree Jigesh Mota | Lakhaniya | 1St Div | L.L.B |



# SHRADDHANJALI

*Sri Manikant Meghji Momaya*

All Members of

**Sri Kutchi Jain Seva Sangh**

Hyderabad

(જા.ખ.)

# *Shraddhanjali*



**Sri Manikant Meghji Momaya**

**Mamta Caterers**

Girish Kumar Shah

Gaurav Kumar Shah

(જા.ખ.)

# સંસ્થા સમાચાર

❖ **શ્રી હૈદ્રાબાદ ધરોડ ભાવિક મંડળ :** પત્રી ગામે 'મા સચ્ચા માતાજી'ને નમતા સર્વે ભાવિકો ને સહ આનંદ જણાવવાનું કે કુળદેવી શ્રી સચ્ચા માતાજીની પહેડી તથા વાર્ષિક જુહારનો મહામૂલો અવસર આપણે આંગણે આવ્યો છે. તો ભાવિકો તથા સજોડે નિયાણીઓ આવેલ અવસરને સ્નેહથી સજાવજો, આનંદથી આવકારજો તથા પ્રેમથી પધારજો.

તો આ પ્રસંગે ભાવિકોને સહપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવાનું સ્નેહભર્યું નવલુ આમંત્રણ પાઠવીએ છીએ. રવિવાર તા. ૯-૧૧-૨૦૧૪ સવારના ૯.૩૦ વાગ્યાથી સ્થળ : શ્રી કચ્છી ભવન

આ વર્ષે માતાજીની પહેડીની પ્રસાદીનો લાભ શ્રી પ્રવીણ કુવરજી કાપડિયાએ લીધેલ છે. વાર્ષિક જુહારનો નકરો રૂા. ૩૫૧/- પ્રતિવર્ષના હિસાબે રાખવામાં આવ્યો છે. તો જે ભાવિકોને વાર્ષિક જુહાર કરવાની ભાવના હોય તો રૂા. ૩૫૧/- પ્રતિવર્ષના હિસાબે શ્રી ઈન્ડિયન ઓપ્ટીક્સની દુકાને (શ્રી નવિનભાઈ ધરોડ) તા. ૨૫-૧૦-૨૦૧૪ સુધી ભરી જવા વિનંતી છે.

❖ **શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતી મહાજન :** શ્રી ક.દ.ઓ. મહાજન હૈદ્રાબાદનો આ વર્ષનું દિવાળી મિલન જે તા. ૨૬-૧૦-૨૦૧૪ ના હતું તે હાલ મુલત્વી રાખવામાં આવેલ છે.

ટ્રીટ... ટિફિન.... ટ્રીટ... ટિફિન... ટ્રીટ... ટિફિન...

**એકદમ ગરમા ગરમ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજન માટે સંપર્ક કરો! ઘરે બેઠાં બેઠાં ટિફિન મંગાવો અને જમવાનો આનંદ લો! નરમ થેપલા, સાદા રોટલા, જુવાર તથા બાજરાના રોટલા અને પરાઠાંની સગવડ પણ ઓર્ડર પ્રમાણે કરી આપશું.**

**સંપર્ક : પુષ્પા ગાલા - ૯૨૯૦૪ ૪૩૩૬૪, ૯૫૮૧૩ ૨૩૨૮૬**

(જા.ખ.)

**CHERIAN NATIONAL**

Motor Driving School

(ESTD. 1962)

Pick up & Drop

✶ CONTACT ✶

5-9-169/4, Nampally, Chapel Road,

Hyderabad **Cell : 98495 84518**

(જા.ખ.)



# સિંહ ગર્જના

**શ્રી મણીકાંત મેઘજી મોમાયા**ના અવસાનથી શ્રી હૈદ્રાબાદ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતી મહાજનની સિંહ ગર્જના લુપ્ત થઈ નથી.

સર્વે જ્ઞાતીજનોની એકતાથી એ સિંહ ગર્જના બરકરાર રહેશે તથા શ્રી મણીકાંતભાઈએ આદરેલા કાર્ય સફલતાથી પરીપૂર્ણ થશે. તથા એમની સર્વે ઈચ્છાઓ પૂર્ણ થશે.

એજ અમારી એમને આપેલી હાર્દીક શ્રદ્ધાંજલી

**હંસકુમાર રાયચંદ સાયલા**

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતી મહાજન**

હૈદ્રાબાદ પ્રતિનિધી.

(જા.ખ.)



**શ્રી મણીકાંત મેઘજી મોમાયા**

જીવન યાત્રા

૨૬-૧૨-૧૯૫૩

અરીહંત શરણ

૧-૧૦-૨૦૧૪

# શ્રધ્ધાંજલિ... શ્રધ્ધાંજલિ...

## પરમ પૂજ્ય પરમાત્માને પ્રાર્થના

આપનો સરળ સ્વભાવ, હસમુખ ચહેરો તથા પુરૂષાર્થમય જીવન તેમજ આપણા સમાજ પ્રત્યે આપના તરફથી તન-મન-ધન દ્વારા સમાજની પ્રગતિ માટે આપેલ સેવા બદલ સમાજ આપનો ઋણી છે.

ઈશ્વર અપના આત્માને પરમ શાંતિ આપે એજ અમારી હાર્દિક પ્રાર્થના.

ગૌરવ કેટરર્સ સુપર વાઈઝર

શ્રી પ્રતીક કનુભાઈ પટેલ તથા પરિવારજનો

(જા.ખ.)

## માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

દુખ સાથે જણાવવાનું કે આપણા સમાજના પ્રમુખ શ્રી મણીકાન્ત મેઘજી મોમાયા તા. ૧-૧૦-૨૦૧૪ના આપણે સૌને છોડીને સ્વર્ગવાસી થયા. માનવમિત્ર સમિતિને તેઓએ હરહમેશ સાથ-સહકાર આપેલ. માનવ મિત્રના સૌ સભ્યો સ્વ. મણીકાન્તભાઈના કુટુંબીજનો ઉપર આવી પડેલ આ આઘાતજનક પળોમાં સહભાગી થઈએ છીએ. સ્વ. મણીકાન્તભાઈના આત્માને પરમશાંતિ મળે એજ પ્રભુ પ્રાર્થના. તેમની અંતિમક્રિયામાં માનવ મિત્રના સભ્યો સહાયરૂપ થયા હતા.

ડાયાલીસીસ માટે રૂ. ૨૧૦૦૦/- એક દિવસના ખર્ચના **શ્રીમતી દિવ્યાબેન શાંતિલાલ હંસરાજ છેડા - નિઝામાબાદ તરફથી દિવ્યાબેનની પુણ્યતિથી નિમિત્તે મળેલ છે.**

મૂઠીભર અનાજ યોજનામાં માસ દરમ્યાન નીચે મુજબના અનાજ પ્રાપ્ત થયેલ છે.

૪૫૦ કીલો ચોખા, ૫૦ કીલો દાળ તથા ૨૫ કીલો ચોખા - ૨૫ કીલો દાળ (શ્રીમતી વિજયાબેન કીર્તીભાઈ કાપડીયા તરફથી તેમના જન્મદિન પ્રસંગે) મળેલ છે.

ઉપરોક્ત અનાજ વિવિધ આશ્રમોમાં વિતરણ કરેલ છે.

પીપલ્સ ફોર એનીમલનો કાર્યક્રમ સંજોગોવસાત મુલત્વી રાખવામાં આવેલ. હવે નવી તારીખની જાહેરાત નિયાંપોમાં આપવામાં આવશે.

## સભ્યપદ સમિતિ

સંચાલક : હરેશ હેમરાજ દેઢિયા ૯૨૪૬૧ ૯૪૪૦૫

સહર્ષ જણાવવાનું કે મંડળની તા. ૯-૯-૨૦૧૪માં મળેલ કારોબારી સભ્યોની સભામાં નીચે જણાવેલ નવા સભ્યોની આજીવન સભ્યપદની અરજીઓને મંજુર કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧) | ભારતી કેશવજી ધરોડ | પત્રી | B/1017/9/14 |
| ૨) | શ્રીમતી ચંદન દેવચંદ ગાલા | સાભરાઈ | C/1007/9/14 |
| ૩) | શ્રી રાજેશ ચીમનલાલ નાગડા | નલીયા | R/1024/9/14 |
| ૪) | કુમાર સંચીત પરેશ ગાલા | દેશલપુર કંઠી | S/1029/9/14 |
| ૫) | શ્રીમતી જયા પ્રેમજી મારૂ | ડુમરા | J/1021/9/14 |

ઉપરોક્ત સર્વે સભ્યોને મંડળ વતી હાર્દિક અભિનંદન.

## જીવન ચક્ર

### સગપણ નોંધ

**મૈત્રી તા. ૮-૮-૨૦૧૪ કુણાલ**

શ્રી હેંમત મણીલાલ સાવલા, લાયજા, હૈદ્રાબાદ ની સુપુત્રી તથા શ્રી દિનેશ ખીમરાજ ગાલા સમાઘોઘા, મુંબઈના સુપુત્ર

## 'પ્રેમ'

**બાળપણમાં એમને એમ જ મળે,**
**યુવનીમાં ચોરવો પડે**
**અને ઘડપણમાં માંગવો પડે છે.**

# ગાલા નુખના

## ભાવિકો અને નિયાણી બહેનો

જોગ,

સવિનય જણાવવાનું કે ગાલા નુખના વિશલ માતાજી ને નમતા સર્વે ભાવિકોની સમુહ પહેડી તા. ૧૬-૧૧-૨૦૧૪ રવિવાર સવારના ૧૦.૦૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. તો સર્વે ભાવિકો સહ પરિવાર તથા નિયાણી બહનેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

### કાર્યક્રમ

| | |
|---|---|
| માતાજીનું સામૈયું (કચ્છી ભવનની બાજુ થી) | ૧૦.૩૦ કલાકે |
| ગત વર્ષની પહેડીની વિગત તથા અન્ય માહિતી | ૧૧.૦૦ કલાકે |
| માતાજીના સ્તુતિગીત (૫) પાંચ | ૧૧.૧૫ કલાકે |
| માતાજીને પ્રસાદી જુવારવાનું (ચિઠ્ઠી દ્વારા) | ૧૨.૦૦ કલાકે |
| માતાજીની આરતી (ચિઠ્ઠી દ્વારા) | ૧૨.૩૦ કલાકે |
| માતાજીની પ્રસાદી | ૧.૦૦ કલાકે |

આરતી પછી માતાજીની પ્રસાદી લેવાનું સર્વે ભાવિકો તથા નિયાણી બહેનો ને ભાવભર્યુ આમંત્રણ છે. કાર્યક્રમમાં સમયસર પધારવા ખાસ વિનંતી.

❊ પ્રસાદીના લાભાર્થી ❊

## શ્રી તલકશી નાનજી ગાલા પરિવાર

નોંધ :

૧) શ્રીફળ પ્રથા બંધ છે.

૨) ભાવિકોને ખાસ વિનંતી કાળા વસ્ત્રો પહેરીને આવવું નહીં

૩) નિયાણી બહેનોને 'સજોડે' પધારવા વિનંતી.

લી. **ગાલા ભાવિક સંઘ**

હૈદ્રાબાદ ના જયજીનેન્દ્ર

(જા.ખ.)

# વિવિધા

## નીરોગી રહેવા માટેની ટિપ્સ

સવારના નાસ્તા પહેલાં, બપોરના જમવા પહેલાં, સાંજે જમ્યા પહેલાં અને રાત્રે સૂતા પહેલાં પા-પા કપ એમ એક કપ આમળાંનો રસ રોજ લો.

સવારના નાસ્તામાં મગની આઈટમ જ હોવી જોઈએ. એની વાત કરતાં તેઓ કહે છે, 'મગ શરીરમાં શક્તિ પેદા કરે છે. આયુર્વેદ મુજબ બીમાર' વ્યક્તિને મગ પર રાખવામાં આવે છે. એટલે કોઈ પણ ફોર્મમાં મગ સવારે ખાવા જરૂરી છે.

રોજ બાફેલા મગ ખાવા ન ગમે તો એને અલગ-અલગ ક્યા ફોર્મમાં ખાઈ શકાય એની સૂચિ તેમણે આપી છે. એ મુજબ રાત્રે મગ પલાળી રાખી સવારે એને બાફી એમાં કાંદા, ટમેટાં તથા ચાટ મસાલો નાખીને ખાઈ શકાય. મિક્સરમાં એ નાખી ગ્રાઈન્ડ કરી સૂપ બનાવીને લઈ શકાય. એને ફણગાવી એમાં મસોલો નાખીને ખાઈ શકાય. મગને પિસાવી એના લોટના થેપલાં, મૂઠિયાં, ઢોકળાં, હાંડવો, શીરો વગેરે જે ભાવે એ બનાવીને ખાઈ શકાય. ''મગ ભગાવે પગ'' એ હકીકતને જીવનમાં આત્મસાત્ કરવા તેઓ કહે છે.

બપોરના ભોજનમાં જે લેવું હોય એ લો, પણ જમતાં પહેલાં સેલડ, વેજિટેબલ સૂપ અને પપૈયું અચૂક ખાવાની સલાહ તેઓ આપે છે, કારણ કે પપૈયામાં પેપિન નામનું જે તત્ત્વ છે એ પેટના કચરાને સાફ કરીને પેટની તકલીફો ઓછી કરે છે. ધનજીભાઈનું કહેવું છે કે તમને પેટમાં તકલીફ હોય ત્યારે ડૉક્ટર પેપિનનાં ઈન્જેક્શન અથવા તો ગોળીઓ આપે છે. પેટ સાફ તો બધા ગુના માફ.

જમવામાં રોટલી અને ભાત સાથે ન ખાઓ. ભાત હોય તો રોટલી નહીં અને રોટલી હોય તો ભાત નહીં. તો તમારું પેટ કદી આગળ નહીં આવે. રોટલી બનાવવાના લોટમાં મોણ તરીકે એરંડિયાનું ચોખ્ખું તેલ નાખો અને પછી જુઓ એનો ફાયદો. સિંગતેલ કે બીજાં તેલ ખાવા ટેવાયેલા લોકોને શરૂઆતમાં એ નહીં ભાવે એટલે થોડો સમય એરંડિયા સાથે તલનું તેલ મિક્સ કરીને લો. મહિના પછી ઘરના લોકો જ એને કન્ટિન્યુ કરવા કહેશે.

દહીં અને છાસ જેટલાં ખાવાં હોય એટલાં ખાઓ, પણ સાંજે નહીં. સાંજે લો તો એનાથી જઠરાગ્નિ મંદ થઈ જાય છે.

સાંજના જમવામાં હળવું લો. પેટ ટાઈટ થાય એટલું ન જમો. જમતાં પહેલાં સેલડ, વેજીટેબલ સૂપ અને ફ્રૂટ વગેરે લીધા પછી જગ્યા રહે એમાં ખાવાનું ખાસો, ફ્રૂટ જમ્યા પહેલાં જ ખાઓ. દરિયાના મીઠાને શુદ્ધ કરવા માટે બહુ કેમિકલ્સ વપરાય છે તેથી દરિયાઈ મીઠાને બદલે રૉક સૉલ્ટ એટલે કે જેને સિંઘાલૂણ કહે છે એ ખાઓ. દરિયાઈ મીઠાને કારણે જ આજે લોકોને થાઈરૉઈડની તકલીફ વધી ગઈ છે.

દૂધને આપણું શરીર પચાવી નથી શકતું તેથી દૂધને બદલે નારિયેળ-પાણી, ફ્રૂટ-જૂસ, મગનું પાણી પી શકાય.

**સંકલન : રમણીકલાલ કાપડીયા - ધનજીભાઈ શાહ લોનાવલા**

DEEPAK MAVJI DHAROD
Cell : 98490 53458

BHAVANA TOURS & TRAVELS

RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally, Hyd-20.

(શુ.ચ.)



પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09

# શું આપણે આ ભવમાં અહંકાર છોડી શકીશું ખરા ?

લગભગ દરેક વ્યક્તિને ઓછે વત્તે અંશે અંદરખાનેથી સતાવતો મોટો દોષ એટલે 'અહંકાર' સામાન્યરીતે નિયમ છે કે -

*"નાનામાં નાનો અહંકાર, મોટાનો મોટો.*
*અહંકારી માણસ ગમે તેટલો મોટો હોય તોય એ ખોટો.*
*અહંકાર રહિત માણસ ભલે નાનો તોય જગમાં ન જડે એનો જોટો".*

અહંકાર વ્યક્તિના હાવભાવ, શબ્દો, વ્યવહાર ઈત્યાદિ બદલી નાંખે છે. આવી વ્યક્તિ અંદરખાનેથી દરેકને અળખામણી લાગે છે. કદાચ બહારથી વ્યવહાર કે વાતચીત કરવી પડતી હોય પણ તેમાં સ્નેહ કે લાગણીઓ ન હોય. આ અહંકારેતો ભલભલાને હલાવી અને હચમચાવી દીધા છે. અહંકારી રાવણે પણ ઠોકર ખાધી છે. તો વળી અહંકારી જયલલીતાને જેલના સળીયે ધકેલી દીધા છે. બાહુબલીએ પણ જ્યારે અહંને છોડ્યો ત્યારેજ તો અર્હમ બની શક્યા છે. તો ભાઈ, તમારે હજી ક્યાં સુધી આ અહંકાર રૂપી જમડાને સંઘરી રાખવો છે ? થોડાક તો નમતા શીખો, થોડાક તો ઝુકતા શીખો !

***ઝુકતે તો વહી હૈ જીસમેં જાન હૈ***
***અકડપન તો મુર્દોકી પહેચાન હૈ***

ઈગો અને એટીટ્યુડનો રૂઆબ આપણે નહીં છોડીએ અને જીવનના અંત સમય સુધી જો "વટના કટકા" બનેલાજ રહીશું તો જૈન શાસ્ત્રો કહે છે કે ગમે એટલો બાહ્ય ધર્મ કરીએ તેમ છતાં આપણી દુર્ગતિ તો નિશ્ચિતજ છે. આ સત્ય અત્યારે ભલે કડવું લાગતું હોય, આપણા મગજમાં ન બેસે, તોય છેવટે તો એને સ્વીકારવું જ પડશે. કર્મસતા એની વસુલી આપણી પાસેથી ચાલુ કરે તે પહેલાંજ આપણે સીધા થઈ જઈએ, સાવધ થઈ જઈશે. આપણને મળનાર વ્યક્તિઓ સાથે વાણી, વર્તન અને વ્યવહાર સુધારીએ. થોડા વિનમ્ર બનીએ, થોડુક Adjustment (વિચારોની ઉદારતા) આપણી બાજુથી પણ બનાવીએ, "Let Go" કરતાં શીખીએ. નાના કે મોટા, સામાન્ય કે પૈસાવાળાના ભેદ રાખ્યા વગર, ભૂતકાળની જુની વાતો કે હમણાની નવી વાતોને પકડી રાખીને વેર વધારવાને બદલે સ્નેહ અને સમતાને પ્રેક્ટીકલ લાઈફ માં ઉતારવાની શરૂઆત કરીએ. કદાચ આ બધુ કરવું અઘરૂ જરૂર લાગશે પણ અશક્યતો નથી જ ! પ્રેક્ટીસ કરતાં કરતાં પરફેક્ટ બની આપણે સૌ પરમાત્માના બનીએ એવી શુભકામના સહ સમસ્ત શહેરવાસીઓને જ્યોતિષાચાર્ય પ.પૂ. ગુરૂદેવ શ્રી સર્વોદયસાગરજી મહારાજ સાહેબના ધર્મલાભ.

**યુવા મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મહારાજ સાહેબ**


**Now Open** **HOMEOPATHIC CLINIC**

**TREATMENT AVAILABLE FOR : Diabetes, Thyroid, Skin Problems, Hair Problems, Weight Loss, Joint Disorders, Migraine, Sciatica, Kidney, Gall Stones, Piles, Fissure, Allergies, Female Problems, Sinus**

***We Treat, Homeopathy Cures !***

**Contact : DR. PRIYANKA LATHKAR (BMS, EMS.) (Gold Medalist) Ph : +91 88860 43483**

**Timings : Monday to Friday - 11.00 am. to 1.00 pm., 6.00 pm to 8.00 pm.**
**Saturday - 11.00 am. to 2.00 pm. Sunday Holiday**

(જા.ખ.)

# 3-4-226/A, Near Jain Mandir, Lane Behind Venkat Ramana Theatre, Lingampally, Kachiguda, Hyd

# શ્રધ્ધાંજલિ...



## શ્રી મણીકાંત મેઘજી મોમાયા

પુરૂષાર્થ ભર્યું જીવન જીવીગયા, ચંદનના જેમ જાતે ઘસાઈને મહેક પ્રસારતા ગયા, સ્નેહ અને વાત્સલ્યનું ઝરણું વહાવીને અમ સહુના હૃદયને ભીંજવી ગયા

ન ધરા સુધી ન ગગન સુધી, નહીં કુટુંબ નહીં સમાજ સુધી આપ તો સ્થાપિત થઈ ગયા છો, એકમેકનાં દિલ સુધી.

અને અંતમાં, આપ અમારી વચ્ચે આજે નથી, લાગે છે જાણે એક શમણું. પ્રાર્થના એજ અરિહંત પ્રભુથી સદા મળે આપને એમનું શરણું.

આપનો આત્મા મોક્ષગતિ પામી, પરમપદને પામે એવી અભ્યર્થના સાથે **ટી. એલ કાપડીયા આવાસ ગૃહ ચૈતન્યપુરી હૈદરાબાદ નિવાસીયોની હાર્દિક શ્રદ્ધાંજલી.**

હાર્દિક શ્રદ્ધાંજલિ

**નરેશ કાન્તિલાલ લોડાયા**
**દિનેશ દેવણાંધ મૈશેરી**
**સુનીલ જીવરાજ લાલકા**
**દેવચંદ કુંવરજી ગાલા**
**અજ્ય દેવણાંધ મૈશેરી**
**નિરંજના દિલીપ આપ્ટે**
**દર્શના વિનોદ ચવ્વાણ**

**હાર્દિક હિરેન મોતા**
**કુલીન મણીલાલ છેડા**
**ધનેશ કાંતિલાલ લોડાયા**
**વીરચંદ દામજી મોતા**
**ગીરીશ રતનશી દંડ**
**પ્રતાપ શીવજી લોડાયા**
**શોભા હિરાચંદ ખોના**
**લહેરચંદ દેવચંદ ગાલા**

**અનુપ ઠાકરશી મોતા**
**કીર્તિ માલશી ગોસર**
**કમલેશ ભાણુભાઈ લોડાયા**
**કસ્તુરબેન મૂલચંદ ફુરીયા**
**લીના હેનીયા**
**લક્ષ્મીચંદ આણંદજી નાગડા**
**તેજશ કુલીન છેડા**

## જાણે સિંહ ગર્જના શમીગઈ (સદ્ગત શ્રી મણીકાંતભાઈને શ્રદ્ધાંજલી)

*(રાગ : છોડ ગયે બાલમ... મુજે હોય એકતા છોડ ગયે)*

ચાલી નિકળ્યા શૂરવીર, જાણે સિંહ ગર્જના સમીગઈ
છોડી ગયા કર્મવીર, જેમના વિના સંસ્થાઓ સૂની પડી
મણીકાન્ત નામ સાર્થક કરીયું, દિવ્ય તેજ ફેલાવ્યો...
અલ્પ આયુમાં કાર્ય કરી મોટા... (૨) કુળ નો નામ અજવાડ્યો... (૨) ૧
સમાજ અને સંઘના લાડીલા, કુનેહથી કાર્ય કરનારા
સહકાર્યકરો સાથે તાલ મિલાવી.. (૨) દિલોમાં વસી જનારા... (૨) ૨
મહેનતની કેવી જ્યોત જગાવી, અનૂપમ સર્જન કરવા,
તન મન ધનના સહયોગથી... (૨) અમર નામ કરનારા... (૨) ૩
દીન દુખીયાની પીડા જાણતાં, હૈયાથી હેત વરસાવે
ખેલદિલીથી વાત કરી ને... (૨) સૌને સધીયારો આપે... (૨) ૪
કુટુમ્બ - સમાજને ખોટ પડી મોટી, જે કેમે કરીના પૂરાશે
તમારા જેવા મહા માનવોને (૨) કેમે કરી ના ભૂલાશે... (૨) ૫
અજ્ઞાની કહે ભાગ્યશાળી અમે, તમારો સાનીધ્ય મળીયો
આ જન્મે તો ફરી ના મળાશે... (૨) દરેક આત્મા રડ્યો... (૨) ૬

**અજ્ઞાની મહેન્દ્રવોરા**

લગ્નસરાની સાડીઓમાં
કચ્છી સમાજનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

(જા.ખ.)

- સાચી તથા ટેસ્ટેડ કસબ અને જિંક કસબ સાડી અને ચણિયા ચોળી
- રિયલ તેમજ ટેસ્ટેડ ઘરચોળા
- કસબ, બટકસબ, કટ વર્ક, ફેન્સી બોર્ડર
- પાનેતર, પિટ્ટાવર્ક, તાર કામ સાડી
- બાંધણી, બનારસી ઉપાડા બાંધણી.... અને અનેક વેરાઈટીઝ

**વિશ્વસનીય ખરીદી માટે અવશ્ય પધારો**

ઠે. ૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા (નાની ખાખર) - 92234 25676



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા. ખ. H-2750)

## Upto **20%** Discount on Medicines on M.R.P.

**Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections**

ALL GENUINE MEDICINES ONLY

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા. ખ.)



# ITS A QUIZ TIME

..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652

## Answer to the last month's quiz

A) 1) LIBNGDSIU - Buildings
2) EVETLESNIOI - Television
3) MIET - Time
4) BOILME - Mobile
5) ISHTR - Shirt
6) AGDRNE - Garden
7) SOLHOC - School
8) SJDMAI - Masjid
9) TSERE - Trees
10) YCLECS - Cycles
11) NEPLCI - Pencil
12) ODOSR - Doors
13) THGLI - Light
14) SGLAS - Glass
15) OWILPL - Pillow

B) 81114 : - The Logic is, number of alphabets in November, it is 11th Month and the first letter of the month 'November' is 14th in the order of alphabets.

- Nice line from Ratan Tata's Lecture -
  If you want to walk fast,
  Walk alone...! But
  If you want to walk far,
  walk together...!!
- Our aim in life should be 9 8 7 6 5 4 3 2 1 0

  9 - Glass of drinking water
  8 - hours of sound sleep
  7 - wonders tour with family
  6 - digit income
  5 - days work a week
  4 - wheeler
  3 - bedroom flat
  1 - Sweetheart
  0 - tension
  Yeh jindagi na milegi dubara
  God knows Gujarati
- I ask God to keep my family Happy
  God said : Only for 4 days.
  I said ok - summer, winter, rainy and spring day.
  God said - No only 3 days.
  I said ok - Yesturday, today and tomorrow
  God said - No, only for 2 days
  I said OK - Day and night
  God said - only one day
  I said ok - Everyday
  God laughed and said OK
  I know you are a GUJARATI !

## Quiz of the Month

A) શાંતિભાઈને પૈસાની બચત કરવાની આદત. રોજ સવારના ઓફિસ જતા પહેલા પોતાની પર્સમાંથી રૂા. ૨, ૫, ૧૦ કે ૨૦ની નોટ હાથમાં આવે તેમાંથી એક લઈને બોકસમાં નાખી દે. એક દિવસ શાંતિભાઈ કોઈ કામ પ્રસંગે બહારગામ ગયા. પાછળથી તેમના પત્ની ઉમાને અર્જન્ટલી રૂપિયાની જરૂરત પડી. એની નજર પેલા બચત બોકસ પર પડી. તેમણે બોકસમાંથી રૂા ૨, ૫, ૧૦, ૨૦ની નોટો કાઢી અને અલગ અલગ એક સરખી ઢગલી કરી. દરેક નોટની સંખ્યા એક સરખી હતી. કુલ રકમનો ટોટલ રૂા. ૪૯૫૮ હતો. **તમે કહી શકશો કે પ્રત્યેક રકમની નોટોની એક સરખી સંખ્યા કેટલી હશે ?**

**B) Find out what is word 'X' in the following phrases.**

1. 'x' is a 7 letter word.
2. 'X' is impossible for God.
3. New Babies like 'x' better than milk.
4. The poor have 'x' and the rich desires 'x' from the poor.
5. If you eat 'x' you will die.
6. 'x' is more important than your life.

***What is 'x' ???***

**The name of the persons giving correct answers by 3/- 10, 14 will be published in the next issue of Niyapo.**

**CONGRATULATIONS....**

**Names of persons who have given correct answers to the last month's quiz are Avni Dhaval Vora, Neeta Paresh Saiya, Femi Gada, Mohit - Hiten Aarya Vishal Patel, Bharati Dharod, Veena K. Gosar, Nita D. Malde, Vilas Gala, Richa B. Vira, Kshitig A. Kapadia, Preeti Tushar Savla, Sonal Piyush Gala, Kalpana D. Mehta, Susheela Damji Savla, Yashita Jayesh Dedhia, Jyoti Laxmichand Nagada, Prachiti Dedhia.**

# योगप्रभा भारती सेवा संस्था ट्रस्ट

द्वारा

सद्गुरू **श्री शिवकृपानंद स्वामी** कि असीम कृपा से

## समर्पण ध्यान केन्द्र हैद्राबाद

**आयोजित करता है**

# ध्यान एवं भजन संध्या

प्रस्तुत कर्ता : **श्री रामभाई पटेल**

**समर्पण आश्रम डांडी गुजरात से**

**गुरूवार, ता. 30-10-2014**

**समय : सायं 5.30 से 8.00 बजे**

**स्थान : कच्छी भवन, ईडन बाग, हैद्राबाद**

## आप सभी को सपरिवार एवं मित्रों सहित हार्दिक आमंत्रण है

अधिक जानकारी के लिए कृपया संपर्क करें

**चंद्रकांत मोता - 97008 33161**

**राजेश धरमशी - 99890 22113**

**संपदा राजरे - 98857 32131**

**नरेन्द्र सावला - 93487 54824**

(જા.ખ.)

## TUITIONS FOR LKG TO X CLASS STUDENTS

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre, Kachiguda, Hyderabad-500 027.

તમારા બાળકોના ઉજ્વલ ભવિષ્ય માટે સંપર્ક

**TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-66623337** (જા.ખ.)



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯ (જા.ખ.)



FOR ALL YOUR COMPUTER WORK

- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277** (જા.ખ.)

**NITIN GALA,** Cell : 99630 10657   ।। શ્રી ।।   **SUNITA GALA,** Cell : 94408 75034

## Sri Ridhi Sidhi Snacks & Khakras

**Specialist in : TAMOTO STICKS, SEZWAN STICKS, ALL TYPES OF SEV, GHATIYA, CHEWDA, BHAKHARWADI.**
**All Varieties of : SADA KHAKRAS, DIET KHAKRA, MOBILE KHAKRA, SPECIAL MASALA, CHORA PHARI, NACHNI ETC.,**

*4-1-10, C/3-24, Pragati Society, Opp. Wesley Church, Tilak Road, Hyderabad - 500 001.*

**BULK ORDER - FREE HOME DELIVERY** (જા.ખ.)

20 Days Medicine only Rs. 350/-

## AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-

**Ph : 9395347264, 9392418463, 040-27564183** (જા.ખ.)

# CHEMISTRY COACHING

**OFFERED FOR IPE, EAMCET, AIIMS, JIPMER, JEE-MAINS**

**CONTACT BETWEEN 5 TO 8 P.M.**

**CHEM - POINT PH : 040-23222624, 9290430337** (જા.ખ.)

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

❊ પાંચ ધાન્યના (ભગદરીયા) લાડુ
❊ ફીણીયા લાડુ
❊ ડ્રાયફ્રૂટ લાડુ (ઘંઉના)
❊ અદરખ ડ્રાયફ્રુટ લાડુ
❊ નાચણી (રાગી) ખજૂર લાડુ
❊ કોકોનેટ બીસ્કીટ
❊ અમુલ બટર કુકીશ

• સાંગલીના ભડંગ • સાંગલીની કાળી દ્રાક્ષ
• શીંગદાણાની ચટણી અને જુવારના ખાખરા
• સિકંદરની ખારી શીંગ • ચણા

ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદળ

●●● પ્રવીણ છેડા - પ્રેમીલા છેડા ●●●

મો. ૯૮૫૭ ૫૯૩૨૦ મો. ૯૦૧૪૬૬૬૯૩૨

(જા.ખ.)

# JAI MAHAVEER

**Wist you all a very very Happy Dassera & Deepavali the Festival of Lights**

✓ *For all your water proofing needs such as Dripping of Water Leakage or Seepage in your toilets, bath rooms and dampening of side walls etc.*

✓ *In any of the above circumstances, you may need our services to rectify them.*

✓ *We carry out the job with the help of trained and efficient workers supported by our "Nano Technology" products to give you the effective results for a long time.*

✓ *We under take the Job with out breaking or damaging your existing structure. Hence do not hesitate to contact us.*

✓ *We also undertake colouring or painting jobs to your flats, offices, old buildings and establishments whenever the need arises..*

For Details Contact : **VARDHAMAN D. SHAH**

**NAMAN CONSTRUCTION SOLUTIONS,**

**B/1, Suryanarayan Apartments, Kachiguda, Lingampalli, Opp. Gujrati Pragathi Samaj, Kachiguda, Hyderabad - 500 027 Phone : 98853 41835**

***"Always remember A Stitch in time saves nine"***

(જા.ખ.)

# ABHA BEAUTY PARLOUR & SPA SALOON

Specialist in Bridal Mehendi & Make-up
Also Beauty Mehendi & Grooming Classes



- We undertake Hair Spa Treatment
- Galvanic Treatment
- Stone Theropy
- Body Spa
- Bridal Packages
- Foot Facial & Hand Facial also.

**Timing 11.00 am to 8.00**

***Home service Facility is also available***
***Sunday Closed***

Now at New & Spacious Space

CONTACT : **Mrs. BHAVINI PATEL**

*3-4-74/2, 1st Floor, Opp. Raghavendra Temple,*
*Kachiguda, Hyderabad - 27 Ph : 040-6516 3974, 99081 83870*

(જા.ખ.)

# SONA HANDLOOMS

***Exclusive Dress Materials***

- **KURTIES**
- **LEGGINGS**
- **LADIES UNDERGARMENTS**
- **NIGHTIES**

**AT WHOLESALE RATE**

Contact : *Ashit Patel*

3-3-116/117, Chappal Bazar,
Near Manjira Hotel,
Opp. Bangalore Iyenger Bakery,
Kachiguda, Hyderabad 500 027.

**Phone : 93910 01176**

**Special Offer 30% off** on Ladies Under Garments



(જા.ખ.)

શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર.

દર મહિનાના ત્રીજા રવિવારે કાચીગુડા સ્ટેશનથી રેલ્વે દ્વારા શ્રી મેડચલ તીર્થ યાત્રાનો આયોજન છે. આ યાત્રા શ્રી સંઘ તરફથી કરાવવામાં આવે છે. સંઘપતીનો નકરો રૂા. ૨૧૦૦/- માત્ર છે. જાન્યુઆરી ૨૦૧૫ સુધી સંઘપતી નોંધાઈ ગયા છે. પુણ્યાર્જનના આવા સુંદર આયોજનનું લાભ લેવા ભાવ ભર્યુ આંત્રણ છે.

ઓક્ટોબર ૨૦૧૪ શ્રી કુલપાકજી તીર્થ યાત્રા રવિવાર તા. ૫-૧૦-૨૦૧૪ ના આયોજીત થઈ હતી. બપોરના આયોજીત યાત્રીકોના મીલન સમારોહમાં જૈન સમાજના અગ્રણી અને ધડાડી કાર્યકર્તા શ્રી મણીકાંત મેઘજી મોમાયાને બે મીનીટનો મૌન પાળી હાર્દીક શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવેલ.

શ્રી સંઘમાં શરૂઆતથી સક્રીય રહી પ્રત્યેક પ્રવૃત્તીમાં જેમની નિયમિત હાજરી રહે છે. તથા ધાર્મીકે અનુષ્ઠાનતી જવાબદારી બહૂ ખુબી થી નિભાવે છે. એવા શ્રીમતી કંચનબેન ખુશાલભાઈ મારૂ હૈદ્રાબાદ છોડી સાંગલી રહેવા જાય છે. એમને શ્રી સંઘ તરફથી વિદાઈ આપી સન્માન કરવામાં આવશે.

## "31st Night in Kulpakji"

આગામી કાર્યક્રમમાં બુધવાર તા. ૩૧-૧૨-૨૦૧૪ ના કાચીગુડાથી બે બસદ્વારા થઈ શ્રી કુલપાકજી તીર્થમાં બે દિવસનું કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ છે. ૩૧-૧૨-૨૦૧૪ રાત્રે ભક્તી ભાવના તથા આરતીનો લાભ યાત્રીકોને મળશે અને સાલે ૨૦૧૪ ને આરાધના દ્વારા વિદાઈ આપશું. ગુરૂવાર તા. ૧-૧-૨૦૧૫ ના સવારનાં યોગ્ય ધાર્મીક અનુષ્ઠાન રાખી નવ વર્ષાનુસ્વાગત આરાધના દ્વારા કરવામાં આવશે. તથા બપોરના સ્વામી વાત્યલ્યના પ્રસાદી પછી હૈદ્રાબાદ પાછા ફરશું. ઉપરોક્ત કાર્યક્રમ માટે નકરો રૂા. ૫૦/- રાખવામાં આવશે છે. વધુથી વધુ સંખ્યામાં ઉપરોક્ત કાર્યક્રમમાં જોડાઈ આયોજનને સફલ બનાવવા વિનંતી. ખાસ નોંધ લેશા આપના નામો ૩૧ અક્ટોબર ૨૦૧૪ સુધી સંચાલકને લખાવી દેશો જેથી યોગ્ય વ્યવસ્થા કરાવી શકાય.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ

હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર (સૌ. જૈ.)